

DR. BABASAHEB AMBEDKAR
OPEN UNIVERSITY
Established by Government of Gujarat

# BACHELOR OF EDUCATION

## B.Ed.

## માહિતી-માર્ગદર્શન પુસ્તિકા

અને

## પ્રવેશપત્ર - ૨૦૧૭



स्वाध्यायः परमं तपः

સ્થળ અને સમયના બંધનોથી મુક્ત ઉત્તમ શિક્ષણનો સર્વોત્તમ માર્ગ


DR. BABASAHEB AMBEDKAR
OPEN UNIVERSITY
Established by Government of Gujarat

"Jyotimay" Parisar,
Opp. Shree Balaji Mandir, Sarkhej-Gandhinagar Highway,
Chharodi, Ahmedabad-382481. Gujarat.
Toll Free No. : 1800 233 1020, www.baou.edu.in, E-mail : edu@baou.edu.in


માહિતી પુસ્તિકા મૂલ્ય રૂ. 700/-

# 1. આપણી યુનિવર્સિટી

### ❖ ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા દૂરદર્શિતા દાખવીને વર્ષ 1994માં રાજ્યનાં શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણને શરૂ કરવા અને આગળ વધારવાના હેતુથી ગુજરાત રાજ્યમાં ઓપન યુનિવર્સિટી સ્થાપવાનો અધિનિયમ (ACT) ‘ગુજરાત એક્ટ નં. 14’ વિધાનસભામાં પસાર કરીને ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. યુનિવર્સિટીની સ્થાપના દિનાંક 13 એપ્રિલ, 1994 ના રોજ થઇ અને તેનું અમલીકરણ દિનાંક 26 એપ્રિલ, 1994ના રોજ કરવામાં આવ્યું.

### ❐ મુદ્રા – ધ્યાનમંત્ર : અર્થબોધ




મુદ્રાનું **વર્તુળાકાર** સ્વરૂપ બીજ, ગર્ભાશય અથવા સૂર્યનું પ્રતીક છે ; જેમાંથી સર્જનની શરૂઆત થાય છે.

સમગ્ર ભાર સ્રોત-સ્વ-ઉપર છે. **સમગ્ર મુદ્રા**માં એક પ્રકારની બદ્ધતા જોવા મળે છે, પણ સાથે સાથે એ જ્ઞાનપ્રાપ્તિ માટે ખુલ્લી જગ્યા ધરાવે છે. મુદ્રામાં રહેલી પ્રવાહિતા ‘પરિર્તનશીલતા’ અને વિસ્તૃત વ્યાપ દર્શાવે છે ; જે ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના લક્ષણો છે.

**‘સ્વાધ્યાયઃ પરમં તપઃ’** - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ એ મુદ્રાદર્શનનો આધાર છે. આપણી પાસે રહેલાં સાધનો અને આંતરિક શક્તિઓને જીવનમાં પ્રગતિ કરવા અને ઉમદા ધ્યેયો સિદ્ધ કરવા બહાર લાવવાનાં છે.

‘સ્વાધ્યાય પરમં તપઃ’ - ‘સ્વઅધ્યયન એ સર્વોચ્ચ તપ છે’ અને ‘જીવનપંથ ઉજાળ’ - બન્ને સૂત્રોમાં એક સહિયારૂં તત્ત્વપ્રકાશ છે ; જે **જ્યોત** દ્વારા દર્શાવાય છે. જ્યોત-તપ, પ્રકાશ, ઝંખના, જ્ઞાન અને દર્શનનું પ્રતિનિધિત્વ કરે છે.

### ❐ યુનિવર્સિટીના ઉદ્દેશો :

- અત્યાધુનિક સંચાર માધ્યમો, માહિતી પ્રસારણ તથા જ્ઞાનસંપાદનની અનેકવિધ શક્યતાઓને ઉચ્ચશિક્ષણ ક્ષેત્રે લાગુ કરી વ્યાપક જનસમાજના બૌદ્ધિક, સામાજિક, સાંસ્કૃતિક, આર્થિક ઉત્કર્ષ માટે સક્રિયતાપૂર્વક પ્રયાસ કરવો.

- રાજ્યની વસ્તીના દરેક વર્ગને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવાની સમાન તકો પૂરી પાડવી.
- સમાજના શૈક્ષણિક ઉત્કર્ષને પ્રાથમિકતા આપવી.
- રાજ્યના શૈક્ષણિક માળખામાં ઓપન યુનિવર્સિટી અને દૂરવર્તી શિક્ષણપદ્ધતિને પ્રોત્સાહિત કરવી.

## ❒ યુનિવર્સિટીની વિશિષ્ટતાઓ :

ગુજરાત રાજ્ય સરકારશ્રી દ્વારા વર્ષ 1994 થી ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદની સ્થાપના કરવામાં આવેલ છે. આ યુનિવર્સિટીમાં સ્નાતક અને અનુસ્નાતક તથા વિવિધ વ્યવસાયલક્ષી અભ્યાસક્રમો ચલાવવામાં આવે છે અને વર્ષમાં બે વાર વિવિધ પ્રવેશ / પરીક્ષાની કામગીરી પણ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા દર વર્ષે વિદ્યાર્થીઓને ડિગ્રી એનાયત કરવામાં આવે છે. રાજ્યની વિવિધ ગ્રાન્ટ-ઈન-એઈડ કૉલેજો/સરકારી કૉલેજો/ અન્ય સંસ્થાઓમાં યુનિવર્સિટીના અભ્યાસકેન્દ્રો ચલાવવામાં આવે છે અને યુનિવર્સિટી દ્વારા માર્ગદર્શન/પરામર્શનની વ્યવસ્થા આ અભ્યાસકેન્દ્રોમાં કરવામાં આવેલ છે.

- ગુણવત્તાયુક્ત ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કરવા માટે અનુકૂળ સમયે અને ઘેર બેઠાં અભ્યાસ કરવાની સગવડ.
- શહેર કે અંતરિયાળ ગામડામાં રહેતા સૌને સમાન ધોરણવાળું શિક્ષણ.
- જરૂરિયાત આધારિત વ્યવસાયલક્ષી અને ભાવિ કારકિર્દીલક્ષી અભ્યાસક્રમો વિકસાવવાનો અભિગમ.
- નવોન્મેષ સભર અભ્યાસક્રમો વિકસાવવામાં પરિણામલક્ષી અભિગમ.
- સ્વ-અધ્યયન માટે ઉચ્ચ ગુણવત્તાવાળી અભ્યાસ સામગ્રી.
- વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક, વહીવટી તેમજ માહિતી વિષયક સહાય માટે 'વિદ્યાર્થી સહાય સેવાઓ' અંતર્ગત રાજ્યવ્યાપી અભ્યાસકેન્દ્રોનું નેટવર્ક.
- વિદ્યાર્થીઓને પોતાની ગતિએ અને અનુકૂળતાએ અભ્યાસક્રમપૂર્ણ કરવાની પરિવર્તનક્ષમ સુવિધા.
- દેશની અન્ય ઓપન યુનિવર્સિટીઓ સાથેનાં જોડાણોને લીધે રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય જ્ઞાન સરળ ગુજરાતી માધ્યમમાં ઉપલબ્ધ કરવાની સગવડ.
- જીવંત 'ફૉન ઈન રેડિયો કાઉન્સેલિંગ' તથા 'સૅટેલાઈટ ઓપન એન્ડ ડિસ્ટન્સ લર્નિંગ' દ્વારા પરામર્શનની વ્યવસ્થા.
- અત્યાધુનિક "સ્ટેટ ઑફ ધ આર્ટ" ચૈતન્ય સ્ટુડીઓ દ્વારા ગુણવત્તાયુક્ત શ્રાવ્ય તથા દૃશ્ય-શ્રાવ્ય શૈક્ષણિક સામગ્રીનું નિર્માણ તથા ઈન્ટરનેટની મદદથી "સ્વાધ્યાય રેડિયો" અને "સ્વાધ્યાય ટેલિવિઝન"નાં માધ્યમથી પ્રસારિત આ શૈક્ષણિક સામગ્રી અને અન્ય ઉપયોગ માહિતી મોબાઈલ, ટેબલેટ, લેપ-ટોપ કે ડેસ્ક ટોપ દ્વારા કોઈપણ સમય અને કોઈપણ સમય અને કોઈપણ સ્થળે મેળવવાની સુવિધા.
- સામાન્ય વ્યક્તિને તથા વિદ્યાર્થીને યુનિવર્સિટી વિષયક પ્રવેશ, પરીક્ષા આવશ્યક તમામ માહિતી પૂરી પાડતી સતત અપડેટ થતી વેબસાઇટ.
- 10 + 2 ઉત્તીર્ણ થયેલ કોઈપણ વિદ્યાશાખાનો વિદ્યાર્થી યુનિવર્સિટીના કોઈપણ સ્નાતક અભ્યાસક્રમોમાં પ્રવેશ લઈ શકે છે.
- વિદ્યાર્થીને અભ્યાસ-સંપૂટ, ગુણપત્રક તથા પ્રમાણપત્ર પોતાના સરનામે મળી રહે તેવી યુનિવર્સિટી દ્વારા વ્યવસ્થા કરવામાં આવી છે.

## ❐ લક્ષ્યાંકિત જનસમૂહો

- ધોરણ 10 + 2 પાસ થયેલ કોઈપણ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓનો વિશાળ સમૂહ.
- યુનિવર્સિટીમાં બાહ્ય રીતે શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓનો સમુદાય.
- પરંપપરાગત યુનિવર્સિટીમાં નિયમિત કે એક્ષટર્નલ અભ્યાસ કરતાં કરતાં સમાંતર રીતે પ્રમાણપત્ર કે ડિપ્લોમા અભ્યાસક્રમનું શિક્ષણ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- ધોરણ-12માં ઉત્તીર્ણ થઈને દૂરવર્તી પદ્ધતિથી વાણિજ્ય કે વિનયન શાળામાં ડિપ્લોમાં કે સ્નાતક કક્ષાનો અભ્યાસ કરવા ઈચ્છતા વિદ્યાર્થીઓ.
- તકના અભાવે કે આર્થિક, સામાજિક સંજોગોના કારણે જેમનો અભ્યાસ અધૂરો રહી ગયો હોય તેમને ઘરે બેઠાં અભ્યાસ કરવાની અનુકૂળતા.
- શ્રમજીવીઓ અને ગૃહિણીઓનો એક વર્ગ પોતાની શૈક્ષણિક લાયકાતમાં અભિવૃદ્ધિ કરવા ઈચ્છે છે તેમને સમયની અનુકૂળતા મુજબ અભ્યાસની વ્યવસ્થા.
- નોકરી-વ્યવસાયમાં પ્રવૃત્ત કે જેલમાં સજા ભોગવતા કેદીઓ, અંતરિયાળ ગ્રામવિસ્તારના ઉચ્ચશિક્ષણથી વંચિત જનસમુદાય માટે અભ્યાસની તક.
- જેલમાં સજા ભોગવતા કેદીઓ માટે અભ્યાસની તક.

## ❐ સંસ્થાકીય વહીવટી માળખું :

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રી યુનિવર્સિટીના કુલાધિપતિ છે. કુલપતિશ્રી, નિયામકશ્રીઓ, કુલસચિવશ્રી અને નાણાં અધિકારીશ્રી યુનિવર્સિટીના અધિકારીઓ છે. બૉર્ડ ઑફ મૅનેજમેન્ટ, એકેડેમિક પ્લાનિંગ બૉર્ડ, અને નાણાં સમિતિ યુનિવર્સિટીનાં સત્તામંડળો છે. વિવિધ વિષયોની અભ્યાસ-સામગ્રીનાં આયોજન, વિકાસ અને સંશોધન માટે શૈક્ષણિક વિભાગ છે. જ્યારે પ્રવેશ, સામગ્રી વિતરણ, પ્રાદેશિક સેવાઓ અને મૂલ્યાંકન માટે વિદ્યાર્થી સેવા-વિભાગ કાર્યરત છે.

## ❐ શૈક્ષણિક કાર્યક્રમો (Academic Programmes) :

યુનિવર્સિટી દ્વારા ટૂંકા ગાળાના અને દીર્ઘકાલીન શૈક્ષણિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવે છે. આ કાર્યક્રમોમાં પ્રમાણપત્ર અભ્યાસક્રમો, ડિપ્લોમા અભ્યાસક્રમો અને પદવી (ડીગ્રી) તેમજ પરંપરાગત અને નવીનીકરણના કાર્યક્રમોનો સમાવેશ થાય છે. મોટાભાગના અભ્યાસક્રમો આ પ્રકારના અભ્યાસક્રમોની જરૂરિયાતો અંગેનું સર્વેક્ષણ કરીને દાખલ કરવામાં આવ્યા છે. આ અભ્યાસક્રમો વિદ્યાર્થીઓની જરૂરિયાતોને અનુલક્ષીને આપવામાં આવે છે.

- પ્રમાણપત્રો
- કૌશલ્યોની સુધારણા વ્યાવસાયિક લાયકાતો મેળવવી
- નિરંતર શિક્ષણ અને કાર્યસ્થળ માટે વ્યાવસાયિક સજ્જતા
- સ્વસમૃદ્ધિકરણ
- જ્ઞાનનું વૈવિધ્યીકરણ

## ❒ અભ્યાસક્રમ નિર્માણ (Course Preparation) :

વિવિધ સંસ્થાઓમાં અને યુનિવર્સિટીમાંથી આમંત્રિત કરેલા તજજ્ઞો અને આ યુનિવર્સિટીની વિદ્યાશાખાના શૈક્ષણિક તજ્જ્ઞો દ્વારા અધ્યયન સામગ્રીનું નિર્માણ કરવામાં આવે છે. તેનું નિરીક્ષણ અધ્યાપકો એકમ નિર્માતાઓ દ્વારા કરવામાં આવે છે. તદુપરાંત ભાષાના નિષ્ણાતો દ્વારા તે મુદ્રિત થાય તે પહેલાં સંપાદિત કરવામાં આવે છે. તે જ રીતે ઑડિયો-વીડિયો કેસેટ્સ અભ્યાસક્રમના લેખકો, આજ યુનિવર્સિટીના વિષય તજ્જ્ઞો દ્વારા તૈયાર કરવામાં આવે છે. આ રીતે નિર્માણ પામેલી અધ્યયન સામગ્રીનું પૂર્વ નિરીક્ષણ અને પુનરાવલોકન યુનિવર્સિટીના જે તે વિદ્યાશાખાના તજ્જ્ઞો તેમજ માધ્યમ નિષ્ણાતો દ્વારા કરવામાં આવે છે અને જરૂર જણાય ત્યાં તેનું સંપાદન પરિમાર્જન કરવામાં આવે છે. અભ્યાસકેન્દ્રો, દૂરદર્શન અને આકાશવાણીમાં મોકલતાં પહેલાં આ પ્રક્રિયા હાથ ધરવામાં આવે છે.

## ❒ અભ્યાસ-વ્યવસ્થા :

ગુણવત્તાસભર અભ્યાસસામગ્રીનું ઘરે બેઠાં અધ્યયન કરનાર વિદ્યાર્થીને ઉચિત માર્ગદર્શન મળી રહે તે હેતુથી પરામર્શન વર્ગોની વ્યવસ્થા કરવામાં આવે છે. રાજયવ્યાપી અભ્યાસકેન્દ્રોમાં, વિદ્યાર્થી જે કેન્દ્રોમાંથી પ્રવેશ મેળવ્યો હોય તે કેન્દ્રમાં વિવિધ વિષયના તજ્જ્ઞો દ્વારા પરામર્શન થાય છે. તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક થવાથી વિદ્યાર્થી પોતાની મૂંઝવણનો ઉકેલ મેળવી શકે છે. જે વિષયમાં પ્રાયોગિક કાર્યની જરૂર જણાતી હોય તે વિષયમાં જરૂરી માળખાકીય સુવિધા ધરાવતા કેન્દ્રોમાં પ્રાયોગિક કાર્ય દ્વારા તાલીમ આપવામાં આવે છે.

- **અભ્યાસ-સામગ્રી :** યુનિવર્સિટી દ્વારા દૂરવર્તી શિક્ષણપદ્ધતિને અનુરૂપ અભ્યાસ-સામગ્રી તૈયાર કરવામાં આવે છે. વિવિધ સંદર્ભગ્રંથોની સહાયથી સરળ પ્રવાહી ભાષામાં તૈયાર થયેલી અભ્યાસ-સામગ્રી દ્વારા ઘેર બેઠાં અભ્યાસ કરી રહેલ વિદ્યાર્થી પોતાના વિષય-ક્ષેત્રમાં અન્ય પરંપરાગત યુનિવર્સિટીની સમકક્ષ ગુણવત્તાયુક્ત શિક્ષણ મેળવી શકે તે બાબતની કાળજી રાખવામાં આવે છે.

## ❒ વર્ગાંકન પ્રણાલી (Credit system) :

બી.એડ્. અભ્યાસક્રમમાં 30 કલાકની અધ્યયન પ્રવૃત્તિની એક ક્રેડિટ હોય છે. ઉદાહરણ તરીકે ચાર ક્રેડિટ ધરાવતા અભ્યાસક્રમને 120 કલાક ફાળવવામાં આવે છે. અભ્યાસક્રમનો ભારાંક ક્રેડિટ ગુણની પરિભાષામાં દર્શાવવામાં આવે છે. આનાથી અધ્યેતાને જે તે અભ્યાસક્રમમાં કેટલા વિદ્યાકીય કામ કરવા પડશે તે સમજવામાં મદદ મળે છે. અભ્યાસ દરમ્યાન સ્વાધ્યાયો પૂર્ણ કરવા, સત્રાંત પરીક્ષામાં અભ્યાસક્રમના બધા વિષયો અને પ્રાયોગિક કાર્યો જાગૃતિપૂર્વક પૂરા કરવા જરૂરી છે.

## ❒ વિદ્યાર્થીસહાય વ્યવસ્થા :

વિદ્યાર્થી સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીનો યથાર્થ ઉપયોગ કરી શકે અને જે તે પાઠ્યક્રમના અભ્યાસમાં ઉદ્ભવતી મુશ્કેલીઓનું નિવારણ થઈ શકે તે માટે તથા અનુભવી પરામર્શક દ્વારા શૈક્ષણિક સહાય તથા માર્ગદર્શન માટે રાજ્યના જુદાં જુદાં સ્થળે ફાળવવામાં આવેલ અભ્યાસકેન્દ્રોમાં સુયોગ્ય વ્યવસ્થા છે. દરેક વિદ્યાર્થી પોતાને નજીક તથા અનુકૂળ અભ્યાસકેન્દ્ર પસંદ કરી શકે છે. આ ઉપરાંત વિદ્યાર્થીને વહીવટી

બાબતો અંગેની સહાય માટે યુનિવર્સિટીમાં વિદ્યાર્થી સહાય-સેવા વિભાગનો પ્રત્યક્ષ કે પત્ર/ઈ-મેઈલ દ્વારા સંપર્ક કરવાની વ્યવસ્થા છે.

## વિદ્યાર્થી સહાય સેલ અને સમિતિઓ

| સેલ / સમિતિ | સંપર્ક |
|---|---|
| એન્ટી રેગીન્ગ કમિટિ | 7434852687 E-mail : digish.vyas@baou.edu.in |
| કમિટિ ફૉર પ્રિનેન્શન ઑફ સેક્સ્યુલ હેરેસમેન્ટ ઍટ વર્ક પ્લેસ | 7434852685 E-mail : sonal.chaudhri@baou.edu.in |
| ગ્રીવન્સ રીડ્રેસલ સેલ | 9978408988 E-mail : hetal.gandhi@baou.edu.in |
| વુમન્સ ડેવલપમેન્ટ સેલ (WDC) | 7434852684 E-mail : diptiba.gohil@baou.edu.in |
| એસસી / એસટી સેલ | 9909970298 E-mail : sanjay.patel@baou.edu.in |

### ❐ એક સાથે એક કરતાં વધુ અભ્યાસક્રમ :

વિદ્યાર્થી પદવી અભ્યાસક્રમ સાથે એક ડિપ્લોમાં અભ્યાસક્રમ અથવા એક પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શકશે. તેવી જ રીતે બે ડિપ્લોમાં અભ્યાસક્રમ અથવા બે પ્રમાણપત્ર અભ્યાસક્રમમાં એક સાથે પ્રવેશ મેળવી શકશે.

### ❐ વિદ્યાર્થીઓ માટે વેબસાઈટ ઉપર ઉપલબ્ધ પત્રકો :

1. યુનિ. દ્વારા આયોજિત બી.એડ્.ની પરીક્ષાઓમાં બેસવા માટેનું પરીક્ષા ફોર્મ
2. વિદ્યાર્થીનું નામ-સરનામું, વિષય બદલવા માટેની અરજી
3. પરીક્ષાકેન્દ્ર બદલવાની અરજી
4. ડુપ્લિકેટ ઓળખપત્ર (Identity Card) મેળવવા માટેની અરજી
5. ગુણચકાસણી માટેની અરજી
6. ગૌણ વિષય / ફેકલ્ટી બદલવાની અરજી

# 2. યુનિવર્સિટીના નિયમો

યુનિવર્સિટી આવશ્યકતાનુસાર સમયાંતરે તેના નિયમો બદલી શકશે. વિદ્યાર્થીની નોંધણીના વર્ષની ગણના કર્યા સિવાય યુનિવર્સિટીએ જે તે સમયે બનાવેલા અદ્યતન નિયમો વિદ્યાર્થીઓને લાગુ પડશે.

❖ **અનામત :**

ગુજરાત સરકારના પ્રવર્તમાન નિયમો અનુસાર અનુસૂચિત જાતિ (SC), અનુસૂચિત જનજાતિ (ST), આર્થિક સામાજિક પછાતવર્ગ (SEBC) તથા શારીરિક વિકલાંગોને અનામત કક્ષામાં પ્રવેશ આપવામાં આવશે.

❖ **શિષ્યવૃત્તિઓ અને ફીનું વળતર :**

બી.એડ્. અભ્યાસક્રમ ઈન સર્વિસ અને વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી અનુસૂચિત જાતિ/અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને વ્યાવસાયિક અભ્યાસક્રમમાં શિષ્યવૃત્તિ એક વખત મળવાપાત્ર છે. (વાર્ષિક આવક 2,50,000/-ની મર્યાદામાં હોવી જોઈએ) જે વિદ્યાર્થીઓએ પી.ટી.સી, સી.પીએડ્., બી.પીએડ્., બી.એડ્. જેવા અભ્યાસક્રમમાં અગાઉ શિષ્યવૃત્તિ મેળવેલ હોય તેઓને સરકારશ્રીના નિયમ મુજબ બીજીવાર મળવાપાત્ર રહેતી નથી.

❖ **સરનામામાં ફેરફાર / સુધારો :**

પ્રવેશાર્થીના સરનામામાં કોઈપણ ફેરફાર કે સુધારો થયો હોય તો તેમણે જે તે અભ્યાસકેન્દ્રને તે અંગે જણાવવાનું રહેશે. જે તે અભ્યાસકેન્દ્ર આ અંગે ચકાસણી કરીને યુનિવર્સિટીના મુખ્ય કાર્યાલયમાં તેની જાણ કરશે. ત્યારબાદ યુનિવર્સિટી કાર્યાલયની મંજૂરી બાદ યોગ્ય સુધારો અમલમાં આવશે.

❖ **સમાંતર નોંધણી :**

આ અભ્યાસક્રમમાં પ્રવેશ પામનાર પ્રવેશાર્થી 6 માસના સમાંતરે ચાલતા કોઈપણ અભ્યાસક્રમમાં પ્રવેશ લઈ શકશે. જો કે સમાંતર સમયે ચાલતા બંને અભ્યાસક્રમોથી શરૂઆતના અભ્યાસક્રમમાં કોઈ અડચણ ઊભી થવી જોઈએ નહીં. જો કે આ બંને અભ્યાસક્રમોની પરીક્ષાની તારીખો સમાન હશે તો તે માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહીં.

❖ **અભ્યાસકેન્દ્ર પરિવર્તન :**

એક વખત કોઈ એક અભ્યાસકેન્દ્રમાં પ્રવેશ મેળવી લીધા પછી અને કેન્દ્રમાં પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં અને **કોઈપણ સંજોગોમાં કેન્દ્ર બદલી આપવામાં આવશે નહીં.**

❖ **ફીના નિયમો :**

સમગ્ર અભ્યાસક્રની ફીનું ધોરણ પ્રવેશાર્થીઓ માટે 20,000/- પ્રવેશ પ્રક્રિયા વખતે ઉમેદવારે આ ફી રોકડેથી, ચેકથી અને ડી.ડી.થી ભરવાની રહેશે. પ્રવેશ વખતે પૂરેપૂરી ફી ન ભરનારને પ્રવેશ મેળવવાનો હક રહેશે નહીં.

એક વખત પ્રવેશ લીધા પછી કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.

# 3. શિક્ષણ વિદ્યાશાખા (School of Education)

આ યુનિવર્સિટીમાં શિક્ષણ વિદ્યાશાખાના અન્ય અભ્યાસક્રમો નીચે પ્રમાણે છે.

(1) Ph.D. (Education)

(2) બી.એડ્. સ્પે. ઍજ્યુકેશન (B.Ed. Spl. Education)

(3) પોસ્ટ ગ્રૅજ્યુએટ ડિપ્લોમાં ઈન ડિસ્ટન્સ ઍજ્યુકેશન (PGDDE)

(4) સર્ટિફિકેટ ઈન ટીચિંગ ઑફ ઇંગ્લિશ (CTE)

# 4. બેચલર ઑફ એજ્યુકેશન (બી. એડ્.) પ્રોગ્રામ

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદનો બી.એડ્.નો અભ્યાસક્રમ પ્રાથમિક અને માધ્યમિક શાળા કક્ષાએ સેવારત શિક્ષકોના અસરકારક અધ્યયન-અધ્યાપનની પ્રક્રિયા માટે તેમને આવશ્યક એવાં કૌશલ્યો અને ક્ષમતાઓ વિકસાવવાનો ધ્યેય ધરાવે છે. પ્રસ્તુત અભ્યાસક્રમ શિક્ષકો સાથે તેમના અનુભવોના આદાન-પ્રદાનની તકો પૂરી પાડે છે. શાળાઓમાં સેવારત શિક્ષકોને વિદ્યાર્થીઓની જરૂરિયાતો પ્રમાણે તેમના અધ્યયન અનુભવો પસંદ કરવા માટે અને આયોજિત કરવા માટે પ્રોત્સાહિત કરે છે. તદ્ઉપરાંત, શૈક્ષણિક મૂલ્યાંકન અને શાળા પ્રબંધ જેવાં ક્ષેત્રોમાં તેમના જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે અને તે અંગેની યોગ્ય સમજ કેળવે છે.

## ❖ અભ્યાસક્રમના ઉદ્દેશો :

**સેવારત શિક્ષકો આ અભ્યાસક્રમ દ્વારા નીચેના ઉદ્દેશો સિદ્ધ કરી શકશે.**

1) સેવારત શિક્ષકોમાં અનુભવોનું આકલન અને વ્યવસાયિક કૌશલ્યોનો વિકાસ કરવો.
2) વિવિધ શૈક્ષણિક પદ્ધતિઓ અને માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના અધ્યયન અનુભવોને આયોજિત કરવાના અભિગમો અંગે મેળવેલું જ્ઞાન અને સમજ કેળવવી.
3) અધ્યયન અનુભવોની પસંદગી કરવા અને તેમને સંકલિત કરવાનાં કૌશલ્યોનો વિકાસ કરવો.
4) અધ્યયન પ્રક્રિયાનું સ્વરૂપ સમજવું.
5) અધ્યેતાઓની વિદ્યાકીય અને અંગત સમસ્યાઓ હલ કરવાનાં કૌશલ્યો કેળવવા.
6) મૂલ્યાંકનની વિવિધ પ્રક્રિયાઓ અને પ્રવિધિઓ ઉપરાંત તેમના વર્ગખંડમાં ઉપયોજન અંગેનાં જ્ઞાન અને સમજ કેળવવા.
7) મૂલ્યાંકનનાં ઉપકરણો (સાધનો)ની પસંદગી, નિર્માણ અને ઉપયોગ અંગેનાં કૌશલ્યો કેળવવા.
8) શાળાપ્રબંધનાં વિવિધ પાસાઓ અંગે જાણકારી મેળવી તે અંગેની સમજ વિકસાવવી.
9) વિવિધ પ્રકારની અધ્યાપન અને સહાયક સેવાઓ આયોજિત કરવા અંગેની ક્ષમતાઓનો વિકાસ કરવો.
10) પ્રવર્તમાન સામાજિક-સાંસ્કૃતિક તેમજ રાજકીય પ્રણાલીઓમાં સામાન્ય રીતે અને શૈક્ષણિક પ્રણાલીમાં વિશિષ્ટ રીતે શિક્ષણની ભૂમિકાની કદર યોગ્યતા વિકસાવવી.

## ❖ અભ્યાસક્રમનું માળખું :

બી.એડ્.ના સમગ્ર અભ્યાસક્રમમાં સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અભ્યાસક્રમનો સમાવેશ કરવામાં આવ્યો છે. ઉદાહરણો અને પ્રાસંગિક પ્રસ્તુત પરિસ્થિતિઓનો અભ્યાસક્રમના પ્રત્યેક વિષયાંગોમાં સમાવેશ કરવામાં આવ્યો છે. આ બાબતને આવશ્યક રીતે સૈદ્ધાંતિક પાસાઓનો પણ આધાર મળી રહે છે. આ બાબતને ધ્યાનમાં રાખી અભ્યાસક્રમને ચાર જૂથોમાં વિભાજિત કરવામાં આવ્યો છે.

જૂથ **A :** ફરજિયાત પાઠયક્રમ

જૂથ **B :** વિષયવસ્તુ આધારિત પદ્ધતિશાસ્ત્રના પાઠયક્રમો

જૂથ **C :** વિશિષ્ટ પાઠ્યક્રમો

જૂથ **D :** પ્રાયોગિક પાઠયક્રમો

❖ **અભ્યાસક્રમ વિવરણ :**

❒ **જૂથ એ : ફરજિયાત પાઠ્યક્રમ (Compulsory Paper) (20 ક્રેડિટ = 15 સૈદ્ધાંતિક + 05 પ્રાયોગિક)**

શાળાના શિક્ષક તરીકેની વ્યવસાયિક જરૂરિયાત અને અભ્યાસક્રમના વિશાળ હેતુઓને લક્ષમાં લઈને પ્રત્યેકની 04 ક્રેડિટ ધરાવતા 05 પાઠ્યક્રમો નિર્ધારિત કરવામાં આવ્યા છે.

| અનુ. નં. | વિષય કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક + પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-331 | અભ્યાસક્રમ અને અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 2. | ES-332 | અધ્યાપન અને વિકાસનું મનોવિજ્ઞાન | 3 + 1 ક્રેડિટ |
| 3. | ES-333 | શૈક્ષણિક મૂલ્યાંકન | 3 + 1 ક્રેડિટ |
| 4. | ES-334 | શિક્ષણ અને સમાજ | 3 + 1 ક્રેડિટ |
| 5. | ES-335 | શિક્ષણ અને શાળા | 3 + 1 ક્રેડિટ |

❒ **જૂથ બી : વિષયવસ્તુ આધારિત પદ્ધતિશાસ્ત્ર (Method Paper) (08 ક્રેડિટ = 06 સૈદ્ધાંતિક + 02 પ્રાયોગિક)**

શાળાના વિષયોમાં મેળવેલી લાયકાત અને શૈક્ષણિક અનુભવને ધ્યાનમાં લઈને નીચેના શાળાકીય વિષયોમાંથી ગમે તે બે વિષય પસંદ કરી શકશો. આ વિષયવસ્તુમાં ગુજરાત સરકારશ્રીના ધોરણ 8, 9 અને 10ના પ્રવર્તમાન અભ્યાસક્રમનો સમાવેશ થાય છે.

| અનુ. નં. | વિષય કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક + પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-341 | વિજ્ઞાન અને ટૅકનોલૉજીનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 2. | ES-342 | ગણિતનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 3. | ES-343 | સામાજિક વિજ્ઞાનનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 4. | ES-344 | અંગ્રેજીનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 5. | ES-345 | હિન્દીનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 6. | ES-346 | ગુજરાતીનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |
| 7. | ES-347 | સંસ્કૃતનું અધ્યાપન | 3 + 1 ક્રેડિટ |

❒ **જૂથ સી : વિશિષ્ટ અભ્યાસક્રમ (Special Cours) (04 ક્રેડિટ – 03 સૈદ્ધાંતિક + 01 પ્રાયોગિક)**

નીચેના આપેલા વિષયોમાંથી ગમે તે એક-એક વિષય (દ્વિતીય વર્ષમાં) પસંદ કરવાનો રહેશે.

| અનુ. નં. | વિષય કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | સૈદ્ધાંતિક + પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-361 | શૈક્ષણિક પ્રોદ્યોગિકી | 3 + 1 ક્રેડિટ |
| 2. | ES-362 | શિક્ષણમાં કમ્પ્યૂટર | 3 + 1 ક્રેડિટ |
| 3. | ES-363 | માર્ગદર્શન અને સલાહ | 3 + 1 ક્રેડિટ |
| 4. | ES-364 | દૂરવર્તી શિક્ષણ | 3 + 1 ક્રેડિટ |

ઉપરના એ, બી, અને સી જૂથોમાંથી અધ્યેતાએ પસંદ કરેલા વિષયોમાંના પ્રત્યેક વિષયની 04 ક્રેડિટમાંથી 01 ક્રેડિટ પ્રાયોગિક સ્વાધ્યાય માટે ફાળવામાં આવી છે.

❒ **જૂથ ડી : પ્રાયોગિક પાઠ્યક્રમ (Practical ) (16 ક્રેડિટ)**

અભ્યાસક્રમના વિષયોની આ શ્રેણીમાં કૌશલ્યના વિકાસ ઉપર ભાર મૂકવામાં આવ્યો છે. પ્રાયોગિક કાર્ય જે તે સંબંધિત વિષયોના વિષય વસ્તુને અનુલક્ષીને તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રાયોગિક અનુભવ નીચેના ત્રણ પ્રાયોગિક અભ્યાસક્રમોને અનુસરીને આપવામાં આવશે. પ્રાયોગિક કાર્ય ધોરણ 8, 9 અને 10માં જ કરવાનું રહેશે.

| અનુ. નં. | વિષય કોડ | કોર્સ શીર્ષક (વિષયનું નામ) | પ્રાયોગિક |
|---|---|---|---|
| 1. | ES-381 | શાળા આધારિત પ્રાયોગિક કાર્ય | 4 ક્રેડિટ |
| 2. | ES-382 | વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્ય | 4 ક્રેડિટ |
| 3. | ES-383 | પ્રાયોગિક પાઠ (બે વિષય પદ્ધતિ) 4 + 4 | 8 ક્રેડિટ |

વધુમાં આ ત્રણ પ્રકારના પ્રાયોગિક કાર્યો ઉપરાંત સમગ્ર અભ્યાસક્રમ અંતર્ગત જૂથ એ, બી અને સી જૂથના પાઠ્યક્રમોમાં પ્રાયોગિક સ્વાધ્યાયો માટે ક્રેડિટ ગુણ 08 રાખવામાં આવ્યા છે.

## ❖ શિક્ષણ પદ્ધતિ :

બી.એડ્.ના અભ્યાસક્રમ અંતર્ગત બહુમાધ્યમ અભિગમનો સ્વીકાર કરવામાં આવ્યો છે. અર્થાત્ સ્વઅધ્યયન મુદ્રિત સામગ્રી, દૃશ્ય-શ્રાવ્ય સાધનો, સ્વાધ્યાયપત્રો, માર્ગદર્શન-સલાહ સત્રો અને શાળા તેમજ વર્કશોપમાં પ્રાયોગિક કાર્યનો સમાવેશ કરવામાં આવ્યો છે.

## ❖ મુદ્રિત સામગ્રી :

મુદ્રિત સામગ્રીમાં અભ્યાસક્રમના સૈદ્ધાંતિક અને પ્રાયોગિક ઘટકોનો સમાવેશ થાય છે. તે વિવિધ વિભાગો (ખંડ)ના સ્વરૂપે આપવામાં આવે છે. દરેક વિભાગ (બ્લોક)માં 3 થી 5 જેટલા એકમોનો સમાવેશ કરવામાં આવે છે. યુનિવર્સિટી દ્વારા અભ્યાસ સામગ્રી અને સ્વાધ્યાયો નક્કી કરેલા અભ્યાસકેન્દ્રો પર પહોંચાડવામાં આવે છે. આ અભ્યાસ સામગ્રી વિદ્યાર્થીઓએ પ્રવેશ સમયે મેળવવાની રહેશે. જો વિદ્યાર્થી તે અભ્યાસ સામગ્રી કોઈપણ કારણોસર મેળવશે નહીં તો તેને માટે યુનિવર્સિટી જવાબદાર રહેશે નહિ.

## ❖ સ્વાધ્યાયો :

સ્વાધ્યાયોએ શિક્ષણ પદ્ધતિના અંતર્ગત તેના અનિવાર્ય (ફરજિયાત) ભાગરૂપે છે. પ્રત્યેક સૈદ્ધાંતિક પાઠ્યક્રમ માટે ટ્યૂટર (અધ્યાપક) દ્વારા મૂલ્યાંકન કરવામાં આવતા ત્રણ સ્વાધ્યાયો દરેક પ્રશિક્ષણાર્થીએ તૈયાર કરવાના હોય છે. બે સ્વાધ્યાયો સૈદ્ધાંતિક પાઠયક્રમ આપવાનું દરેક પ્રશિક્ષણાર્થી માટે ફરજિયાત છે. એટલે કે આઠ જેટલા સૈદ્ધાંતિક સ્વાધ્યાકાર્યોના ગ્રેડ ધ્યાનમાં લેવામાં આવશે જેના **24** સ્વાધ્યાયો તૈયાર કરવાના હોય છે. જેમાંથી દરેક વિષયમાં એક ફરજિયાત પ્રાયોગિક સ્વાધ્યાય તૈયાર કરવાનો રહેશે. આ સ્વાધ્યાયો તૈયાર કરીને તેને પરત કરવાની નિયત તારીખ સુધીમાં અભ્યાસકેન્દ્ર પર જમા કરાવવાના રહેશે. દરેક સ્વાધ્યાયકાર્યમાં પાસ થવું ફરજીયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાના રહેશે. **પ્રથમ અને દ્વિતીય વર્ષની સત્રાંત પરીક્ષામાં બેસતા પહેલાં સ્વાધ્યાયકાર્ય અને પ્રાયોગિક કાર્ય પૂર્ણ કરવા ફરજિયાત છે. અન્યથા સત્રાંત પરીક્ષાનું પરિણામ રદ કરવામાં આવશે.**

### ◆ સ્વાધ્યાય કાર્યોના નિયમો :

- યુનિવર્સિટી દ્વારા ચલાવવામાં આવતાં સ્નાતક અભ્યાસક્રમોમાં સતત મૂલ્યાંકન માટે નિયત કરેલ સ્વાધ્યાયકાર્ય જમા કરાવવાના હોય છે.
- સામાન્ય રીતે વિદ્યાર્થીઓએ પાઠ્યક્રમદીઠ બે સૈદ્ધાંતિક અને એક પ્રાયોગિક સ્વાધ્યાયકાર્યો Tutor Marked Assignment (TMA) તૈયાર કરવાના રહેશે.
- જે તે અભ્યાસક્રમના વિદ્યાર્થીએ Tutor Marked Assignment (TMA) સ્વાધ્યાયકાર્યોની એક નકલ પોતાની પાસે રાખી મૂળ નકલ નિયત સમયમર્યાદામાં અભ્યાસકેન્દ્ર ખાતે જમા કરાવવા. તેમજ મૂલ્યાંકન થયેલ સ્વાધ્યાયકાર્યો અભ્યાસકેન્દ્ર પરથી પરત મેળવી લેવાના રહેશે.
- દરેક સ્વાધ્યાયકાર્યોમાં પાસ થવું ફરજિયાત છે. સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્યમાં નાપાસ થયેલ વિદ્યાર્થીએ જે-તે વિષયના સ્વાધ્યાયકાર્ય ફરીથી લખવાના છે.
- દરેક સ્વાધ્યાયકાર્યો અલગ-અલગ ફુલસ્કેપ બુકમાં તૈયાર કરવા જરૂરી છે.
- દરેક સ્વાધ્યાયકાર્યમાં જવાબ સાથે પ્રશ્ન નંબર લખવો જરૂરી છે.
- સ્વાધ્યાયકાર્યમાં આપેલ સૂચના મુજબ સ્વાધ્યાયકાર્યોના જવાબો તૈયાર કરવા.
- પાઠ્યક્રમદીઠ નિયત સ્વાધ્યાયકાર્યો પૂર્ણ કરી દરેક વિદ્યાર્થીએ સત્રાંત પરીક્ષા પહેલાં રજૂ કરવાનું આવશ્યક છે. અભ્યાસકેન્દ્ર ઉપર આપેલાં સ્વાધ્યાયકાર્યોનું મૂલ્યાંકન કરી જરૂરી સૂચનાઓ સાથે વિદ્યાર્થીને આગળ અભ્યાસક્રમમાં ઉપયોગી માર્ગદર્શન મળી રહે તે માટે અભ્યાસકેન્દ્રો પરથી પરત મળે છે.

◆ **પ્રાયોગિક કાર્યો :** જે અભ્યાસક્રમમાં પ્રાયોગિકકાર્યો નિર્ધારિત હોય તે માટે જરૂરી સાધન સુવિધા ધરાવતી સંસ્થાઓમાં વ્યવસ્થા ગોઠવવામાં આવે છે .

### ✦ પ્રાયોગિક કાર્યોનું આયોજન :

પ્રાયોગિક કાર્યો શાળાઓ અને અભ્યાસકેન્દ્રો તરીકે પસંદ કરવામાં આવેલી માધ્યમિક શિક્ષણ-પ્રશિક્ષણ કૉલેજોમાં હાથ ધરવામાં આવશે. અગાઉ જણાવ્યા મુજબ પ્રાયોગિક અભ્યાસક્રમોમાં શાળા-આધારિત તેમજ વર્કશોપ આધારિત પ્રાયોગિક કાર્યો, પ્રાયોગિક કાર્ય આધારિત સ્વાધ્યાયો અને પ્રત્યક્ષ વર્ગ શિક્ષણનો સમાવેશ થાય છે. આ બધી પ્રવૃત્તિઓ માધ્યમિક

શાળામાં કરવામાં આવશે. તદ્ઉપરાંત 24 દિવસના સમયગાળામાં બે પ્રાયોગિક કાર્યસત્રો એટલે કે બે વર્ષના અભ્યાસક્રમના ગાળા દરમિયાનમાં પ્રતિવર્ષ 12 દિવસનાં કાર્યસત્રો યોજવામાં આવશે. જે વિદ્યાર્થીએ ફરજિયાત કરવાનાં રહેશે. વિદ્યાર્થીએ કાર્યસત્ર(વર્કશોપ)માં હાજરી બાબતે કોઈપણ જાતની છૂટછાટ આપવામાં આવશે નહીં. આ કાર્યસત્રો પ્રશિક્ષણાર્થીઓનાં કૌશલ્યો અને ક્ષમતાઓના વિકાસ માટે અભ્યાસકેન્દ્ર અથવા યુનિવર્સિટી નક્કી કરે તે સ્થળે વિદ્યાર્થીઓ સાથેના આદાન-પ્રદાન યુકત સન્મુખ(Face to Face) શિક્ષણનો કાર્યક્રમ યોજવામાં આવશે. આ અભ્યાસક્રમ વ્યાવસાયિક અભ્યાસક્રમ હોવાથી સંપર્ક વર્ગો તેમજ સન્મુખ શિક્ષણ કાર્યક્રમમાં લઘુત્તમ 80 ટકા હાજરી જરૂરી છે. પ્રશિક્ષણાર્થીઓએ અધ્યાપન કૌશલ્યો અને ક્ષમતાઓના વિકાસ માટે જે તે શાળા/સંસ્થાના આચાર્યની વિધિસર મંજૂરી મેળવીને શાળાના સુપરવાઈઝર/આચાર્યના માર્ગદર્શન નીચે જરૂરી એવાં 40 પ્રાયોગિક કાર્યો અને પ્રવૃત્તિઓ કરવાની રહેશે. સમગ્રતયા **દરેક પ્રશિક્ષણાર્થીઓ લગભગ 300 કલાક જેટલો સમય સંપર્ક માટેના સમય તરીકે ફરજિયાત ગાળવો જોઈશે.**

## ❖ માર્ગદર્શન :

### ✦ માર્ગદર્શન (સંપર્ક) સત્રો :

સામાન્ય રીતે સંપર્કસત્રોનું આયોજન જે-તે અભ્યાસકેન્દ્રો પર પ્રતિ સપ્તાહના અંતે (શનિ-રવિવારે) અને જાહેર રજાઓ દરમિયાન યોજવામાં આવશે. સામાન્ય સમયપત્રક મુજબ અભ્યાસકેન્દ્રના સંચાલક આ સત્રો યોજવાનો નિર્ણય લેશે. અભ્યાસકેન્દ્રના સંચાલકો (Co-ordinators) સંપર્કવર્ગોનું સમયપત્રક તૈયાર કરીને જણાવશે. આ સંપર્કવર્ગો દરમિયાન મુદ્રિત અભ્યાસ સામગ્રીના મુદ્દાઓ અને દૃશ્ય-શ્રાવ્ય કાર્યક્રમોના કેટલાક મુદ્દાઓનું વિદ્યાર્થીઓ સાથે આદાન-પ્રદાન કરીને સ્પષ્ટીકરણ કરવામાં આવશે.

- **પરામર્શન વર્ગો :** અભ્યાસ - સામગ્રીના અધ્યયનમાં ઉદ્ભવતી મુશ્કેલીઓના નિવારણ માટે તથા જરૂરી શૈક્ષણિક માર્ગદર્શન અને મદદ પૂરી પાડવા અભ્યાસકેન્દ્રો પર તજ્જ્ઞો સાથે પ્રત્યક્ષ સંપર્ક માટે પરામર્શન બેઠકો નિયત કર્યા અનુસાર યોજવામાં આવે છે. જેમાં વિદ્યાર્થી પોતાની જરૂરિયાત મુજબ હાજરી આપી શકે છે.

### ✦ મૂલ્યાંકન :

સૈદ્ધાંતિક (**Theory**) અને પ્રાયોગિક કાર્ય માટેની મૂલ્યાંકન પ્રણાલી નીચે મુજબની રહેશે.

**સૈદ્ધાંતિક વિષયો :**

સૈદ્ધાંતિક વિષયોમાં મૂલ્યાંકનના ત્રણ પાસાઓ સમાવિષ્ટ છે.

**(a)** પ્રત્યેક એકમમાં આપવામાં આવેલા સ્વ-અધ્યયન માટેના સ્વાધ્યાયો (ક્રેડિટ સિવાયના)

**(b)** સમયાંતરે યોગ્ય સમયવિધિમાં આપવામાં આવેલાં સ્વાધ્યાયપત્રોના સ્વાધ્યાયોનું સતત મૂલ્યાંકન. આ મૂલ્યાંકનનો ભારાંક દરેક વિષયમાં 30% જેટલો રહેશે. (બે ઉત્તમ ગુણવત્તાયુક્ત સ્વાધ્યાયો) (ત્રણમાંથી બે)ના ગુણાંકનને વિદ્યાર્થીના પરીક્ષામાં ઉત્તીર્ણ થવા માટે ગણતરીમાં લેવામાં આવશે.

**(c)** સત્રાંત પરીક્ષામાં દરેક વિષયમાં ભારાંક 70% જેટલું રહેશે. સત્રાંત પરીક્ષાનો કાર્યક્રમ જે તે કેન્દ્રના નોટિસ બૉર્ડ પર અને યુનિવર્સિટીની વેબસાઇટ ઉપર www.baou.edu.in એક માસ અગાઉ પ્રસિદ્ધ કરવામાં આવશે. **આ માટે તેમના પરીક્ષાનાં આવેદનપત્રો આપેલ સમય મર્યાદામાં ભરીને જે તે કેન્દ્રમાં જમા કરાવવા ફરજીયાત છે.**

✦ **પ્રાયોગિક :**

પ્રાયોગિક વિષયો માટેની પરીક્ષાના ત્રણ પાસા છે.

**(a)** શાળા આધારિત પ્રવૃત્તિઓ અને પ્રત્યક્ષ વર્ગ શિક્ષણ - (ES-381) - ક્રેડિટ 4

(b) પ્રાયોગિક વર્કશોપમાં કામગીરીનું મૂલ્યાંકન - (ES-382) - ક્રેડિટ 4

(c) પ્રાયોગિક પાઠોનું મૂલ્યાંકન (બે વિષય પદ્ધતિ) (4 + 4) - (ES-383) - ક્રેડિટ 8

વિદ્યાર્થીએ દરેક વિષયમાં ઓછામાં ઓછો D ગ્રેડ મેળવવાનો રહેશે. સતત મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષામાં D ગ્રેડ મેળવવાનો રહેશે. જો કે અભ્યાસક્રમમાં સફળતાપૂર્વક ઉત્તીર્ણ થવા માટે બધાની સરેરાશ કરતાં ઓછામાં ઓછા C ગ્રેડ મેળવવાનો રહેશે.

જો વિદ્યાર્થીએ કોઈ વિષયની સત્રાંત પરીક્ષા કોઈ કારણસર આપી શકયો ન હોય તો તે તેના પછીની સત્રાંત પરીક્ષા આપી શકશે. જયાં સુધી વિદ્યાર્થી ઓછામાં ઓછો પાસ ગ્રેડ મેળવે નહિ ત્યાં સુધી આ સુવિધા ચાલુ રાખી શકાશે, પરંતુ પ્રવેશ પામીને નોંધણી કરાવ્યા પછી નોંધણી તારીખથી પાંચ વર્ષ સુધી આ સુવિધા પ્રાપ્ત કરી શકશે.

વર્ગાંકન (grade) પદ્ધતિમાં વર્ણ (અક્ષર)નો ઉપયોગ સતત મૂલ્યાંકન અને સત્રાંત પરીક્ષાનું વર્ગાંકન કરવા માટે કરવામાં આવશે. અક્ષરસહિતનાં વર્ગાંકન (grades) નીચે મુજબ છે.

| **વર્ગાંકન** | **ગુણવત્તા સ્તર** | **પોઈન્ટ ગ્રેડ** | **ટકા (%)** |
|---|---|---|---|
| A | સર્વોત્તમ | 5 | 80 અને ઉપર |
| B | ખૂબ સારો | 4 | 60 - 79.9 % |
| C | સારો | 3 | 50 - 59.9 % |
| D | સંતોષકારક | 2 | 40 - 49.9 % |
| E | અસંતોષકારક | 1 | 40%થી નીચે |

જે તે પરીક્ષાર્થી સૈદ્ધાંતિક અને પ્રાયોગિક અભ્યાસક્રમમાં પ્રત્યેકમાં એવરેજ **C** ગ્રેડ મેળવશે તેને ઉત્તીર્ણ જાહેર કરવામાં આવશે.

# 5. બી.એડ્. પ્રવેશના નિયમો

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીમાં પ્રવેશ માત્ર પ્રવેશ પરીક્ષામાં મેળવેલ ગુણના આધારે તૈયાર થયેલ મેરિટના ધોરણે જ આપવામાં આવશે. જે વિદ્યાર્થીઓ યુનિવર્સિટીએ નિયત કરેલાં લાયકાતના ધોરણોમાં સમાવિષ્ટ થતા હશે તેમને જ પ્રવેશ આપવામાં આવશે. તેથી કોઈપણ પ્રવેશાર્થીએ કોઈપણ ખાનગી વ્યકિત અથવા સંસ્થાએ આપેલાં વચનોથી ગેરમાર્ગે દોરવાઈ જવું નહીં.

**(1) માધ્યમઃ**

બી.એડ્.ના અભ્યાસક્રમનું માધ્યમ માત્ર ગુજરાતી જ રહેશે.

**(2) પ્રવેશ માટેની લાયકાત :**

1) માન્ય યુનિવર્સિટીમાંથી આર્ટ્સ, કોમર્સ, વિજ્ઞાન વિદ્યાશાખામાં 50% ગુણ અથવા ઈજનેરી/તક્નિકી વિદ્યાશાખામાં મુખ્ય વિષય ગણિત અને વિજ્ઞાનમાં 55% ગુણ સાથે સ્નાતક/અનુસ્નાતક થયેલ હોવા જોઈએ. ગુજરાત રાજયના ધારાધોરણ મુજબ SC, ST માટે 5% છૂટછાટ આપવામાં આવશે.

2 ) ઉમેદવાર NCTE (National Council for Teacher Education)ની શૈક્ષણિક સંસ્થામાંથી સ્નાતક, ડિપ્લોમા (PTC, D.Ed. D.EI.Ed. C.P.Ed., B.P.Ed.) ઔપચારિક રીતે (Face to Face Mode) થી અભ્યાસક્રમ પૂર્ણ કરેલ હોય તેવા નોકરીમાં કાર્યરત શિક્ષકો અરજી કરી શકશે અને ઉમેદવાર હાલ શિક્ષક તરીકે સરકાર માન્ય પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં બી. એડ્. અભ્યાસક્રમની પ્રવેશ પ્રક્રિયાનાં સમય સુધી લઘુત્તમ બે વર્ષના પૂર્ણ સમયની સવેતન સેવાઓ આપેલ છે તેવા નોકરીમાં કાર્યરત શિક્ષકો (In-Service Teachers) અરજી કરી શકશે.

3) આચાર્ય દ્વારા અપાયેલું અનુભવનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણ વિભાગના માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળામાં સરકારી નોકરી કરનારે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી (DEO) પ્રાથમિકમાં નોકરી કરનારે જિલ્લા પ્રા. શિક્ષણાધિકારીશ્રી (DPEO) અથવા શાસનાધિકારીશ્રી (A.O.)દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ અને બિનસરકારી પ્રાથમિક, માધ્યમિક કે ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક તરીકે નોકરી કરનારે શાળાના નોંધણી નંબરવાળા લેટરપેડ પર પ્રિન્સિપાલ દ્વારા પ્રતિહસ્તાક્ષર કરેલું પ્રમાણિત હોવું જોઈએ.

**(3) અભ્યાસક્રમની સમયમર્યાદા :**

અભ્યાસક્રમની લઘુત્તમ સમયમર્યાદા બે વર્ષની રહેશે. આમ છતાં, અભ્યાસક્રમ પૂર્ણ કરવા માટેની મહત્તમ સમયમર્યાદા પાંચ વર્ષની રહેશે. જે તે પ્રવેશાર્થીએ તેનો અભ્યાસક્રમ આ સમયમર્યાદામાં પૂર્ણ કરવાનો રહેશે. ત્યારબાદ આ અભ્યાસક્રમમાં પુનઃપ્રવેશ મેળવી શકાશે નહીં.

**(4) પ્રવેશ પરીક્ષા :**

બી.એડ્.માં પ્રવેશ મેળવવા ઈચ્છતા ઉમેદવારોએ પ્રવેશ પરીક્ષામાં બેસવું ફરજિયાત છે. પ્રવેશ પરીક્ષામાં 40% એટલે કુલ ગુણ (150 માંથી 60) ગુણ મેળવનાર પ્રવેશપાત્ર બનશે. પ્રવેશ પરીક્ષા તા. 05/11/2017ને રવિવારના રોજ યુનિવર્સિટી દ્વારા નિયત કરવામાં આવેલ પરીક્ષા કેન્દ્રો પર 12:00 થી 2:30 કલાકે યોજાશે. પરીક્ષાર્થીએ જે તે પરીક્ષા કેન્દ્ર પર સવારે 11:00 કલાકે પરીક્ષા પ્રવેશપત્ર સાથે (Hall Ticket) ઉપસ્થિત થવાનું રહેશે **Hall Ticket** **વગર વિદ્યાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહીં.**

પરીક્ષાકેન્દ્ર પસંદ કરી તેનો કોડ પ્રવેશફોર્મમાં ભરવો તમે પસંદ કરેલ કેન્દ્ર પર જ પ્રવેશ-પરીક્ષા આપવાની રહેશે.

**પરીક્ષા પ્રવેશપત્ર (Hall Ticket) તમારી માહિતી પુસ્તિકામાં આપેલ છે. તેને ફાડી લઈ તેમાં સંપૂર્ણ વિગતો ભરી, નિયત સ્થળે તાજેતરનો પાસપોર્ટ સાઈઝનો ફોટો ચોંટાડી તમારી હાલની શાળાના આચાર્યના સહી સિક્કા કરાવી પ્રવેશ પરીક્ષા વખતે લાવવાના રહેશે. પરીક્ષા પ્રવેશપત્ર સિવાય પ્રવેશ પરીક્ષામાં બેસવા દેવામાં નહીં આવે.**

**પ્રવેશ પરીક્ષા અંગેની ધ્યાનપાત્ર બાબતો :**

**1. પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રમાં બે પાર્ટ A અને B રહેશે.**

**પાર્ટ-A :** સામાન્ય જ્ઞાન-શિક્ષણ વિષયક અને અન્ય તેમાં નીચેના ઘટકોનું પરીક્ષણ કરવામાં આવશે.

વિભાગ- 1. સામાન્ય અંગ્રેજી અર્થગ્રહણ (General English Comprehension)

વિભાગ- 2. તાર્કિક અને પૃથક્કરણીય કાર્યકારણ સંબંધ (Logical & Analytical Reasoning)

વિભાગ- 3. શૈક્ષણિક અને સામાન્ય સચેતતા (સમાનતા) (Educational & General/Awareness)

વિભાગ- 4. અધ્યાપન-અધ્યયન પ્રક્રિયા અને શાળા (Teaching-Learning & the School)

**પાર્ટ- B : વિષયવસ્તુ - પ્રવર્તમાન** (ગુજરાત રાજ્ય શાળા પાઠયપુસ્તક મંડળ પ્રકાશિત જે તે વિષયનો ધોરણ 6 થી ધોરણ 9 સુધીનો અભ્યાસક્રમ)

**નોંધ : આપે જે વિષયમાં પ્રવેશ પરીક્ષા આપી હશે તે જ વિષય બી.એડ્.માં (સેમેસ્ટર પદ્ધતિના અભ્યાસક્રમ મુજબ)પ્રથમ વિષયપદ્ધતિ તરીકે આપે ફરજિયાત પસંદ કરવાનો રહેશે. જે કોઈ પણ સંજોગોમાં બદલી આપવામાં આવશે નહીં.**

**(5) વિષયો :**

(01) ગુજરાતી, (02) હિન્દી, (03) અંગ્રેજી, (04) ગણિતશાસ્ત્ર, (05) વિજ્ઞાન અને ટૅક્નોલૉજી, (06) સામાજિક વિજ્ઞાન (07) સંસ્કૃત દરેક પરીક્ષાર્થીએ આ વિષયોમાંથી ગમે તે <u>એક</u> વિષયની પરીક્ષા આપવાની રહેશે.

પ્રશ્નપત્ર બહુવિકલ્પ પ્રકારનું 150 પ્રશ્નોવાળું રહેશે. જે પૈકી પાર્ટ A માં 100 પ્રશ્નો (1 થી 100) તથા પાર્ટ B માં 50 પ્રશ્નો (101 થી 150) રહેશે. સમય 2:30 કલાકનો રહેશે.

**(6) મેરિટ નક્કી કરવાની પદ્ધતિ :**

પ્રવેશ પરીક્ષાના કુલ 150 ગુણમાંથી મેળવેલા ગુણને આધારે મેરિટ નક્કી કરવામાં આવશે. પ્રવેશ મેરિટ ગુણને આધારે આપવામાં આવશે.

**નોંધ :** જયાં બે ઉમેદવારોના મેરિટના ગુણ સરખા થતા હશે ત્યાં નોકરીના અનુભવના પૂરા વર્ષો ધ્યાનમાં લઈને અગ્રતાક્રમ નક્કી કરવામાં આવશે. મેળવેલા ગુણ અને અનુભવના વર્ષો સમાન થતા હોય તેવાં કિસ્સામાં અગ્રતાક્રમ નક્કી કરવા માટે ઉમેદવારની જન્મતારીખ ધ્યાનમાં લેવાશે.

**(7) અનામત અને ઓપન બેઠકો :**

| | | |
|---|---|---|
| 1. અનુસૂચિત જાતિ (SC) | - | 07 ટકા |
| 2. અનુસૂચિત જનજાતિ (ST) | - | 15 ટકા |
| 3. સામાજિક-આર્થિક પછાત વર્ગ (SEBC) | - | 27 ટકા |
| 4. બિન અનામત (OPEN) | - | 50 ટકા |
| 5. કાશ્મીરી વિસ્થાપિતો (Kashmiri Migrants) | - | 01 ટકા |

**(8) વિકલાંગ /અંધ ઉમેદવારો માટે :**

(અ) વિકલાંગ ઉમેદવારો માટે કુલ બેઠકોની 3 % બેઠકો ફાળવવામાં આવશે. તે પૈકી 1 % બેઠક અંધ ઉમેદવારો માટે ફાળવવામાં આવી છે. પરંતુ આ 3 % બેઠકો ઓપન, એસ.સી, એસ.ટી, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગમાં સમાવી લેવામાં આવી છે. એટલે અનામતની કુલ ટકાવારી 50% રહેશે.

(બ) (વિકલાંગ) કક્ષાનો લાભ લેવા ઇચ્છનાર ઉમેદવારોને સિવિલ સર્જનનું ફોટા સાથેનું પ્રમાણપત્ર અરજીપત્રક સાથે અચૂક જોડવાનું રહેશે. અંધ સિવાયના શારીરિક વિકલાંગ (Physical Handicap) ઉમેદવારો ઓછામાં ઓછી 40 ટકા અને વધુમાં વધુ 60 ટકા વિકલાંગતા ધરાવતા હશે તો જ તેઓ મેરિટના આધારે પ્રવેશપાત્ર થશે. આમ છતાં, વિકલાંગતા તેમના અભ્યાસ દરમિયાન જરૂરી કામ કરવા માટે અવરોધક હોવી જોઈએ નહીં. આ માટે બી.એડ્. પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે.

**(ક) વિકલાંગતા ધરાવતા ઉમેદવારો વિકલાંગતા જાહેર ન કરીને અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવી શકશે નહિ અને જો તે રીતે પ્રવેશ મેળવ્યો હશે તો તે રદ થવાને પાત્ર છે અને તેઓની ભરેલી ફી જપ્ત થશે.**

**(9)** અનામત બેઠકનો લાભ લેવા ઈચ્છતા ઉમેદવારોએ સક્ષમ અધિકારીનું જાતિનું અદ્યતન પ્રમાણપત્ર અરજીપત્રક સાથે જોડવું ફરજીયાત રહેશે અન્યથા અરજીપત્રક રદ થશે.

**(10)** SEBC કક્ષા માટે ''ઉન્નત વર્ગમાં (ક્રિમિલેયરમાં ) સમાવેશ થતો નથી'' તેવું દર્શાવતું સક્ષમ અધિકારીનું તેવા 31, માર્ચ 2017 પછીનું પ્રમાણપત્ર પ્રવેશ ફોર્મ સાથે જોડવાનું રહેશે. તેમ નહીં કરનાર ને આ અનામત કેટેગરીનો લાભ મળશે નહીં.

**(11)** જાતિ પ્રમાણપત્ર અથવા ક્રિમિલેયર સર્ટિફિકેટની પ્રમાણિત નકલ અરજીપત્રક સાથે રજૂ કરેલ નહીં હોય તો તેવા ઉમેદવારને જે તે કેટેગરીનો લાભ મળશે નહીં પાછળથી **કોઈપણ સંજોગોમાં કેટેગરી બદલવામાં આવશે નહીં.**

**(12)** અનામત કક્ષાની બેઠકો માટે મેરિટ યાદીને અનુસર્યા બાદ જો અનામત કક્ષાની બેઠકો ખાલી રહેશે તો તે તે **SEBC**ની બેઠકો ઓપન કેટેગરીમાં તબદીલ કરી શકાશે, SC/STની ખાલી બેઠકો SC/STમાં અરસ-પરસ ભરવામાં આવશે. ત્યારબાદ બેઠકો ખાલી રહેશે તો ઓપન કેટેગરીમાં તબદીલ કરી શકાશે.

**(13) અભ્યાસકેન્દ્રની પસંદગી**

(1) યુનિવર્સિટી દ્વારા નિયત થયેલાં અભ્યાસકેન્દ્રોમાં નિયત થયેલી બેઠકો પર પ્રવેશાર્થીઓને મેરિટ અનુસાર જ પ્રવેશ આપવામાં આવશે.

(2) અભ્યાસકેન્દ્રમાં અનામત બેઠકોનું પ્રમાણ જાળવવામાં આવશે.

(3) જે તે અભ્યાસકેન્દ્રોમાં ફાળવેલ તમામ બેઠકો મેરિટ અનુસાર ભરાઈ ગયા પછી તાલીમાર્થીઓના મેરિટના ધોરણે અન્ય અભ્યાસકેન્દ્રોમાં ખાલી રહેલી જગ્યામાં પ્રવેશ મેળવી શકાશે.

(4) પ્રવેશ સમિતિ દ્વારા જ્યારે પ્રવેશ આપવામાં આવશે ત્યારે પ્રવેશાર્થીઓને અભ્યાસકેન્દ્ર પસંદ કરવાની તક આપવામાં આવશે. **પ્રવેશાર્થીએ એક વખત અભ્યાસકેન્દ્ર પસંદ કરી ફી ભર્યા બાદ કોઈપણ સંજોગોમાં અભ્યાસકેન્દ્ર બદલી આપવામાં આવશે નહિ તથા ભરેલી ફી પણ પાછી મળશે નહીં.**

**(14) વિષય પસંદગી**

(1) પ્રવેશ ફોર્મ ભરતી વખતે વિદ્યાર્થી એ જે વિષય પ્રથમ પદ્ધતિ તરીકે પસંદ કરેલ હશે તે જ વિષયની પરીક્ષા આપવાની રહેશે. જેમાં પાછળથી કોઈ પણ સંજોગોમાં ફેરફાર કરવામાં આવશે નહીં.

(2) બી.એડ્.માં બીજી વિષય પદ્ધતિનો વિષય પ્રવેશ લેતી વખતે પ્રવેશ સમિતિ દ્વારા નક્કી કરી આપવામાં આવશે. આ ઉપરાંત જૂથ Cમાં દર્શાવેલ વિશિષ્ટ અભ્યાસક્રમ ક્ષેત્રોમાંથી ગમે તે એક વિશિષ્ટ વિષયક્ષેત્ર પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ સમયે નક્કી કરી આપવામાં આવશે. જેમાં પ્રવેશ મેળવ્યા બાદ 90 દિવસમાં યુનિવર્સિટીના નિયમ મુજબ ગૌણ વિષય ફેર બદલી કરી શકાશે.

# 6. સામાન્ય નિયમો

1. પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ પરીક્ષા બી.એડ્. અંદાજિત કાર્યક્રમ મુજબ યોજવામાં આવશે. પ્રવેશ પરીક્ષાનો સમય અઢી કલાકનો રહેશે. પ્રવેશ પરીક્ષા નહિ આપનાર પ્રવેશાર્થીને કોઈપણ સંજોગોમાં પ્રવેશ આપી શકાશે નહીં.
2. બી. એડ્. માટેનાં આવેદનપત્રો બી.એડ્. અંદાજિત કાર્યક્રમ મુજબ યુનિવર્સિટી ખાતે પહોંચતા કરવાના રહેશે. આ તારીખ પછી આવેલ અરજીપત્રકો કોઈપણ સંજોગોમાં સ્વીકારવામાં આવશે નહીં.
3. પ્રવેશ પરીક્ષામાં મેરિટમાં આવનાર ઉમેદવારોને નિયત તારીખ, સમય અને સ્થળે પ્રવેશ કાર્યવાહી માટે બોલાવવામાં આવશે ઉમેદવારે સ્વખર્ચે જાતે પોતાનો ક્રમ આવે ત્યાં સુધી હાજર રહેવું ફરજિયાત છે. કોઈપણ કારણસર વિદ્યાર્થી હાજર રહેશે નહીં તો તે પ્રવેશપાત્ર થશે નહીં. તે પ્રવેશ મેળવવાની પાત્રતા ગુમાવશે. આ બાબતની ફરિયાદ કે રજૂઆત પાછળથી ધ્યાનમાં લેવાશે નહીં અને કોઈપણ સંજોગોમાં પાછળથી પ્રવેશ આપવામાં આવશે નહીં.
4. ખોટી, અધૂરી, વિરોધાભાસી, અસ્પષ્ટ વિગતોવાળું અને અધૂરા ડૉક્યુમેન્ટ્સવાળું અરજીપત્રક અસ્વીકાર્ય ગણાશે.
5. અરજીપત્રક તમને આપેલ કવરમાં જ જરૂરી પ્રમાણપત્રોની પ્રમાણિત નકલ સાથે રજિસ્ટર્ડ એ.ડી. કે સ્પીડ પોસ્ટથી મોકલવું અથવા યુનિવર્સિટી કાર્યાલયમાં ઑફિસ સમય દરમિયાન રવિવાર અને જાહેર રજાઓ સિવાયના દિવસે રૂબરૂમાં આપી શકાશે.
6. અરજીપત્રક નક્કી કરેલ છેલ્લી તારીખ પછી પોસ્ટ દ્વારા કે રૂબરૂમાં કોઈપણ સંજોગોમાં અરજીપત્રક સ્વીકારવામાં આવશે નહીં. આ માટે કોઈએ પ્રયત્ન કરવો નહીં કે દબાણ કરવું નહીં. તેમ કરનારને કાયમ માટે પ્રવેશ માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.
7. **અરજીપત્રક ક્રમાંક એ આપનો પ્રવેશ પરીક્ષા માટેનો પરીક્ષા ક્રમાંક રહેશે. કોઈપણ વિગતોની તપાસ માટે તે નંબરનો ઉપયોગ કરવાનો રહેશે.**
8. પ્રવેશ સમયે ઉમેદવારોએ અસલ પ્રમાણપત્રો રજૂ કરવાનાં રહેશે. પ્રવેશસમિતિ દ્વારા તેમની ચકાસણી કરાશે. પ્રવેશ અરજીમાં ભરેલી વિગતો, પ્રમાણપત્રો અને ગુણપત્રકોમાં જો કોઈ વિસંગતતા જણાશે તો તેવા ઉમેદવારો પ્રવેશપાત્રતા ગુમાવશે આ બાબતની રજૂઆત પાછળથી સાંભળવામાં આવશે નહીં.
9. એકવાર એક કેટેગરીમાં પ્રવેશ લીધા પછી કોઈપણ અન્ય કેટેગરીમાં પ્રવેશ મેળવવાનો હક્ક રહેશે નહીં.
10. એક વખત પ્રવેશ લીધા પછી કોઈપણ સંજોગોમાં ફી પરત કરવામાં આવશે નહીં.

11. પ્રવેશ પ્રક્રિયા અંગેનો વિગતવાર કાર્યક્રમ માહિતી પુસ્તિકામાં આપેલ છે. તે પ્રમાણે જ કાર્યવાહી થશે. ઉમેદવારને આ અંગેની જાણ અલગ પત્રથી કરવામાં આવશે નહીં. અનિવાર્ય સંજોગોને કારણે અપાયેલ કાર્યક્રમમાં ફેરફાર થશે તો તેની વિગતો વર્તમાનપત્રોમાં જાહેરાતના સ્વરૂપે પ્રસિદ્ધ કરવામાં આવશે. પ્રવેશાર્થીએ પ્રવેશ માટે સ્વખર્ચે ઉપસ્થિત થવાનું રહેશે. આ બાબતે યુનિવર્સિટીની વેબસાઇટ www.baou.edu.in નો સંપર્ક કરવો.

12. મેરિટ, વિષયની પસંદગી, બેઠક ફાળવણી વગેરેમાં બી.એડ્. પ્રવેશ સમિતિનો નિર્ણય આખરી ગણાશે. આ બાબતે કોઈ વિવાદ ચાલશે નહીં.

13. પ્રવેશની સમગ્ર પ્રક્રિયા દરમિયાન ઉમેદવાર તરફથી સમિતિના કોઈપણ સભ્યને ધાકધમકી કે દબાણ કરવામાં આવશે તો પ્રવેશ રદ કરવાનો બી.એડ્. પ્રવેશ સમિતિને અધિકાર રહેશે.

14. પ્રવેશના નિયમોમાં જરૂર જણાય તો કોઈપણ પ્રકારના ફેરફાર કરવાનો અધિકાર યુનિવર્સિટીનો રહેશે.

15. પ્રવેશ દરમ્યાન કોર્ટ કાર્યવાહીના ભાગરૂપે કે અન્ય કોઈ કારણે પ્રવેશ કાર્યવાહી અટકાવવાનો પ્રશ્ન ઉપસ્થિત થશે તો જ્યાંથી પ્રવેશ અટકયો હશે ત્યાંથી આપવામાં આવશે. કોઈપણ સંજોગોમાં રિસફલિંગ કરવામાં આવશે નહીં.

**16. પ્રવેશ સમયે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે લાવવો ફરજિયાત છે. પ્રવેશ મેળવેલ પ્રશિક્ષણાર્થીએ ફોટોગ્રાફસ પાછળ ફોર્મ નંબર, નામ અને સેન્ટર કોડ લખી ને જમા કરાવવો.**

17. પ્રવેશ સમયે અસલ સર્વિસબુક કે પ્રમાણપત્રોની નકલ રજૂ કરવાની રહેશે. તે સિવાય પ્રવેશ મળશે નહીં.

18. પ્રવેશ અંગે કે અન્ય કોઈ બાબતે કોઈ વિવાદ ઊભો થાય તો મા. કુલપતિશ્રીનો નિર્ણય આખરી ગણાશે.

19. આ યુનિવર્સિટીનું કાનૂની કાર્યક્ષેત્ર અમદાવાદ રહેશે. આથી અમદાવાદની કોર્ટ દ્વારા જ વિવાદ ઉકેલી શકાશે.

20. જો ઉમેદવારે જિલ્લા પંચાયતમાં પ્રમાણપત્રો જમા કરાવેલ હોય તો પ્રવેશ સમયે ઓરિજિનલ પહોંચ/ તેની ઝેરોક્ષ કોપી સાથે લાવવાની રહેશે.

21. ઉમેદવારે સ્નાતક / અનુસ્નાતક પદવી (UGC) પ્રવર્તમાન યાદી મુજબ માન્ય યુનિવર્સિટીઓ દ્વારા પ્રાપ્ત કરેલ હશે તેઓને જ પ્રવેશ પાત્રતા મળશે.

# 7. પ્રવેશ પરીક્ષાની માહિતી

**સુજ્ઞ પ્રવેશાર્થી,**

આ પુસ્તિકામાં પ્રશ્નપત્રનો એક આદર્શ નમૂનો આપવામાં આવ્યો છે અને તેની સાથે આ યુનિવર્સિટીના બી. એડ્. અભ્યાસક્રમમાં પ્રવેશ માટેની પ્રવેશ પરીક્ષા અંગેની માહિતી આપવામાં આવી છે. આપને 150 વસ્તુલક્ષી (Objective) બહુવિકલ્પ પ્રશ્નો ધરાવતી એક પુસ્તિકા અને ઉત્તરપત્ર (OMR Sheet) પરીક્ષા ખંડમાં આપવામાં આવશે. આપને આપવામાં આવેલ નમૂનારૂપ કસોટીપત્રમાં આપ જોઈ શકશો કે તે શાળા અને કૉલેજની સામાન્ય પરીક્ષા કરતા જુદા પ્રકારની છે તેથી આપને માટે તે જાણવું જરૂરી છે કે કયા પ્રકારના પ્રશ્નો પૂછાશે અને કઈ રીતે તેના ઉત્તરો આપી શકાશે. આપને આ માહિતી આ દિશામાં ઉપયોગી થશે.

### ❖ બી.એડ્.ની પ્રવેશ પરીક્ષાના પ્રશ્નપત્રનું માળખું :

આ પ્રશ્નપત્ર A અને B વિભાગમાં વહેંચાયેલુ છે. વિભાગ Aમાં એક એક ગુણના 100 પ્રશ્નો અને વિભાગ Bમાં વિદ્યાર્થી પોતે પસંદ કરેલ કોઈ એક શાળાકીય વિષયના એક એક ગુણના 50 પ્રશ્નો છે. પ્રશ્નપત્ર કુલ 2.30 કલાકનું રહેશે.

| પાર્ટ-A | વિષયાંગો | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | પ્રશ્નક્રમ |
|---|---|---|---|---|
| વિભાગ-1 | સામાન્ય અંગ્રેજી અર્થગ્રહણ<br>(General English Comprehension) | 10 | 10 | 1-10 |
| વિભાગ-2 | તાર્કિક અને પૃથક્કરણીય કાર્યકારણ સંબંધ<br>(Logical & Analytical Reasoning) | 20 | 20 | 11-30 |
| વિભાગ-3 | શૈક્ષણિક અને સામાન્ય સચેતતા (સમાનતા)<br>(Educational & General/Awareness) | 35 | 35 | 31-65 |
| વિભાગ-3 | અધ્યયન-અધ્યાપન પ્રક્રિયા અને શાળા<br>(Teaching-Learning & the School) | 35 | 35 | 66-100 |
| | **કુલ** | **100** | **100** | **100** |

## વિષયક્ષમતા ( કોઈ એક વિષય )

પાર્ટ - B (Subject Competence - any one Subject) : પ્રત્યેક વિષય માટે ધો. 6, 7, 8 અને 9 ના ગુજરાત રાજયના પ્રવર્તમાન (સેમેસ્ટર પદ્ધતિ દ્વારા ચાલતા) અભ્યાસક્રમને ધ્યાનમાં રાખી તેમાથી બહુવિકલ્પ પ્રકારના હેતુલક્ષી પ્રશ્નો પૂછાશે.

| પાર્ટ-B | વિષયાંગો | પ્રશ્નોની સંખ્યા | કુલ ગુણ | પ્રશ્નક્રમ |
|---|---|---|---|---|
| વિભાગ-5 | (1) ગુજરાતી (01) | 50 | 50 | 101 થી 150 |
| | (2) હિન્દી (02) | 50 | 50 | 101 થી 150 |
| | (3) અંગ્રેજી (03) | 50 | 50 | 101 થી 150 |
| | (4) ગણિતશાસ્ત્ર (04) | 50 | 50 | 101 થી 150 |
| | (5) વિજ્ઞાન અને ટેક્નોલૉજી (05) | 50 | 50 | 101 થી 150 |
| | (6) સામાજિક વિજ્ઞાન (06) | 50 | 50 | 101 થી 150 |
| | (7) સંસ્કૃત (07) | 50 | 50 | 101 થી 150 |

**નોંધ :- પાર્ટ - B માંથી કોઈ એક વિષયની પરીક્ષા આપવી ફરજિયાત છે.**

***દરેક વિભાગમાં આપેલા કુલ પ્રશ્નો તે પ્રશ્નપત્રની રૂપરેખા અને તેનું કાર્યક્ષેત્ર દર્શાવે છે. આમ છતાં / પરીક્ષાનું વાસ્તવિક પ્રશ્નપત્ર અહીં આપેલા પ્રશ્નપત્ર કરતાં તેની કઠિનતાના સ્તર વિષયવસ્તુ વગેરેમાં જુદું પણ હોઈ શકે છે.***

પ્રશ્નપત્ર બધા પ્રશ્નો એક પ્રશ્ન પુસ્તિકામાં આપવામાં આવશે જે ગુજરાતી ભાષામાં છપાયેલા હશે. અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત વિષયના પ્રશ્નો જે તે ભાષામાં રહેશે. પ્રશ્ન પુસ્તિકામાં હેતુલક્ષી (Objective type) પ્રકારના પ્રશ્નો હોવાથી તે પ્રશ્નોના ઉત્તર શબ્દોમાં કે વાકયોમાં લખવાના હોતા નથી. પ્રત્યેક પ્રકારના ઉત્તર માટે ચાર વિકલ્પો આપવામાં આવશે જેમાંનો માત્ર એક જ સાચો ઉત્તર શોધીને આપવાનો છે.

## ઉત્તરપત્રમાં (માહિતી) ભરવા માટેની સૂચનાઓ

પ્રસ્તુત માહિતીપત્રમાં આપને ઉત્તરપત્ર આપવામાં આવેલું છે. આપે આ A, B, C અને D પ્રકારના ઉત્તરપત્રમાં માહિતી ભરી લેવી જોઈએ કે જેથી જયારે ખરેખર પરીક્ષા આપવાની થાય ત્યારે પરીક્ષાખંડમાં આપ તે જ રીતે ઉત્તરપત્રમાં માહિતી ભરી શકો. આપ નીચેની સૂચનાઓનું કાળજીપૂર્વક પાલન કરશો.

1. આપનો પ્રવેશ ફોર્મનો ક્રમાંક લખો. આપની પરીક્ષા પ્રવેશપત્રની સાથે આ નંબર મળતો હોવો જોઈએ. આપે આપનું સાચું નામ, પીન કોડ સાથેનું સરનામું અને ઉત્તરવહી કોડ (OMR Code) આપેલી ખાલી જગ્યામાં નોંધવાનું રહેશે. આપે શાહીથી ઉત્તરપત્ર પર આપના હસ્તાક્ષર અને તારીખ નોંધવાની રહેશે. ઉત્તરપત્ર આપેલી ખાલી જગ્યામાં નિરીક્ષકે હસ્તાક્ષર અને તારીખ નોંધેલા છે કે નહિ તેની ચોકસાઈ કરી લેશો. આપ માત્ર **વાદળી અથવા કાળી બોલપેન** નો જ ઉપયોગ ઉત્તરપત્રના ઉત્તરોમાં આપવા માટે કરી શકશો.
2. ઉત્તરપત્ર પર કોઈ આડી અવળી નિશાની કરવી નહીં. પ્રશ્નપત્રના ઉત્તરોની નોંધ કરવા માટે ફકત **વાદળી અથવા કાળી બોલપેનનો** જ ઉપયોગ કરવાનો રહેશે.

3. સંખ્યા દર્શક અંકમાં આપે આપનો પ્રવેશ ફોર્મ નંબર અને પરીક્ષાકેન્દ્રનો કોડ નંબર દર્શાવવાનો રહેશે. આ માટે આનુસંગિક O સંપૂર્ણપણે ભરાયેલો હોવો જોઇએ. ધારો કે આપનો પ્રવેશપત્ર નંબર 8159 ઉત્તરવહી કોડ (OMR Code) B, હોય અને પરીક્ષાકેન્દ્ર કોડ નંબર 05 હોય તો આ પ્રકારની માહિતી આપને આપવામાં આવેલ ઉત્તરવહીમાં દર્શાવવાની રહેશે.

4. દરેક પ્રશ્નની સાથે ચાર વિકલ્પો આપેલા છે. જેમના ક્રમ A, B, C અને D છે દરેક પ્રશ્નમાંથી આપ જેને સાચો વિકલ્પ માનતા હોય તેવા વિકલ્પ સૂચક ક્રમ અક્ષર ધરાવતા O ને **વાદળી અથવા કાળી બોલપેન** વડે સંપૂર્ણ કાળો બનાવી દો.

5. એક પ્રશ્નના બે ઉત્તરો આપ્યા હશે તો કોઈ ગુણ મળશે નહિ તેથી એક જ યોગ્ય ઉત્તર પસંદ કરવાનો રહેશે.

6. તમારે કોઈ એક પ્રશ્નની પાછળ વધુ સમય બગાડવો જોઈએ નહિ. જો તમને કોઈ પ્રશ્ન અઘરો લાગે તો તેને છોડીને બીજા પ્રશ્ન તરફ ચાલ્યા જાઓ. બધા ઉત્તરો લખ્યા પછી જો સમય વધે તો પછી નહિ આપેલા પ્રશ્નના ઉત્તર માટે પ્રયત્ન કરો.

# સામાન્ય સૂચનાઓ

1. પરીક્ષા ખંડમાં કેલ્કયુલેટર,મોબાઈલ, પુસ્તકો, સ્લાઈડ-ફૂટ પટ્ટી, નોટબુકો અથવા લખેલી નોંધો લઈ જવાની મનાઈ છે.

2. પરીક્ષાકેન્દ્રના કેન્દ્ર નિયામક અને નિરીક્ષકો દ્વારા પરીક્ષા કેન્દ્ર પર આપવામાં આવેલી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે. જો સૂચનાઓનો ભંગ કરવામાં આવશે તો તમને પરીક્ષા માટે ગેરલાયક ઠરાવવામાં આવશે.

3. જો કોઈ ઉમેદવાર બીજામાંથી નકલ (Copy) કરતાં અથવા કોઈની મદદ લેતા કે મદદ કરતાં પકડાશે તો તેને ગેરલાયક ઠરાવવામાં આવશે.

4. પ્રશ્નપત્ર અને ઓપ્ટિકલ માર્ક રીડર (OMR) ઉત્તર પત્રિકા આપને નિરીક્ષક તરફથી આપવામાં આવશે. પરીક્ષા પૂરી થયા બાદ તુરંત જ પરીક્ષાખંડ છોડતા પહેલાં ઉત્તરપત્ર અને પ્રશ્ન પુસ્તિકા બંને નિરીક્ષકને હાથોહાથ સોંપવાનાં રહેશે. જો કોઈ પરીક્ષાર્થી પ્રશ્ન પુસ્તિકા અને ઉત્તરપત્ર આ રીતે પરત નહિ કરે તો તેને ગેરલાયક ઠરાવવામાં આવશે અને યુનિવર્સિટી તેની સામે આગળ પગલાં ભરી શકશે.

5. મોડા આવનાર ઉમેદવારને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. પરીક્ષાખંડમાં હાજર થવાનો સમય 11-45નો રહેશે. પરીક્ષા 12-00 વાગ્યે શરૂ થશે અને 2-30 વાગ્યે પૂરી થશે.

6. બધા જ પ્રકારનું કાચું કામ (Rough Work) પ્રશ્નપત્રમાં જ કરવાનું રહેશે બીજા કોઈ કાગળમાં નહિ. સ્ક્રેપ કાગળ લાવવાની મનાઈ છે. પ્રશ્નોના ઉત્તર મેળવવા હાંસિયાનો ઉપયોગ કરી શકો છો.

7. સ્વયં પરીક્ષાર્થીને બદલે જો કોઈ અન્ય વ્યકિત પરીક્ષામાં બેસશે અથવા કોઈ અનિચ્છનીય માર્ગ અપનાવવામાં આવશે તો યુનિવર્સિટી કોઈપણ ઉમેદવારની પરીક્ષાના ગુણ રદ કરવાનો અધિકાર ધરાવે છે. એક સમાન ધોરણોથી પરીક્ષાનું સંચાલન કરવામાં આવે છે. યુનિવર્સિટી પરીક્ષાર્થીઓના ગુણાંકનની પ્રમાણભૂતતા ચકાસવા માટેની પ્રવિધિ સમાનધોરણે અનુસરશે. જો યુનિવર્સિટીને લાગશે કે આપનો પરીક્ષાનો દેખાવ (સિદ્ધિ) વાજબી નથી તો યુનિવર્સિટી તમારું પરિણામ રદ કરી શકશે.

8. દરેક ઉમેદવારે પોતાના તાજેતરનો ફોટોગ્રાફ ચોંટાડેલ પરીક્ષા પ્રવેશપત્ર (Hall Ticket) પરીક્ષામાં બેસવા માટે સાથે લાવવાનું રહેશે. ફોટોગ્રાફ ગેઝેટેડ ઑફિસર શાળાના પ્રિન્સીપાલ દ્વારા પ્રમાણિત (attested) કરેલો હોવો જોઈએ. જો આમ કરવામાં નહિ આવે તો પરીક્ષાર્થીને પરીક્ષામાં બેસવા દેવામાં આવશે નહિ. પરીક્ષા પ્રવેશપત્ર (Hall Ticket) પર નિરીક્ષક (Invigilator) ના હસ્તાક્ષર કરાવવાના રહેશે.

# પ્રવેશ પરીક્ષાના આધારે મેરિટ યાદી

પ્રવેશ પરીક્ષાના પરિણામના આધારે તૈયાર થયેલ મેરિટ લિસ્ટ (સામાન્ય અને કેટેગરીવાળા) www.baou.edu.in યુનિવર્સિટીની વેબસાઈટ પર મૂકવામાં આવશે.આ અંગે વિદ્યાર્થીને અલગથી કોઈ જાણ કરવામાં આવશે નહીં.

પ્રવેશપાત્ર થતાં પ્રવેશાર્થીઓના કટ ઑફ માર્કસ (સ્કોર) પ્રવેશાર્થીએ મેરિટ લિસ્ટ અંગેની જાણકારી વેબસાઈટ પર મેળવ્યા બાદ માહિતી પુસ્તિકામાં (બી.એડ્. અંદાજિત કાર્યક્રમ) જણાવ્યા પ્રમાણેની તારીખ અને સમયે જે-તે સ્થળે જાતે જ ઉપસ્થિત રહેવું પડશે. પ્રવેશાર્થીની ઉપસ્થિતિ વગર કોઈપણ સંજોગોમાં પ્રવેશ અપાશે નહીં. પ્રવેશ વખતે પ્રવેશાર્થીએ પોતાનું પ્રવેશ પરીક્ષાપત્ર (Hall Ticket) રજૂ કરવાની રહેશે.આ બાબતે વધુ જાણકારી માટે યુનિવર્સિટીના બી.એડ્. વિભાગના ફોન નંબર 9978408916 પર સંપર્ક કરવો.

પ્રવેશ વખતે પ્રવેશાર્થીઓ તેમના તમામ મૂળ પ્રમાણપત્રો તથા તેમની એક એક પ્રમાણિત નકલ સાથે લાવવાની રહેશે. મૂળ પ્રમાણપત્રો વગર પ્રવેશ મળશે નહીં.

પ્રવેશ સ્થળ (અભ્યાસકેન્દ્ર)ની પસંદગી કર્યા બાદ તરત જ પ્રવેશાર્થીએ નિયત કરેલી ફી 20,000/- રોકડે / ડી.ડી. / ચેક દ્વારા ચૂકવવાની રહેશે. ફી ભરાયા બાદ જ પ્રવેશ માન્ય ગણાશે.

**(a) પ્રવેશ અરજી પરત કરવા અંગે.**

પ્રવેશાર્થીએ જરૂરી પ્રમાણપત્રો જોડીને અરજીપત્રક ભરીને નીચે મુજબ સરનામે / પોસ્ટ, રજિ. એડી. દ્વારા પરત કરવાનું રહેશે.

**ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી**

**''જયોતિર્મય'' પરિસર, શ્રી બાલાજી મંદિરની સામે,**

**સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ-382481**

**E-mail : edu@baou.edu.in**

**website : www.baou.edu.in**

# દસ્તાવેજોની રજૂઆત

પ્રવેશાર્થીએ પ્રવેશ અંગેનો પત્ર પોસ્ટ દ્વારા/વેબસાઈટ પરથી મેળવ્યા બાદ પ્રવેશ માટે જ્યારે બોલાવવામાં આવે તે તારીખે અને સમયે અચૂક ઉપસ્થિત થવાનું રહેશે. પ્રવેશ સમયે  યુનિવર્સિટીના અધિકારીઓ સમક્ષ પરિપત્રિત (Gazetted) અધિકારી દ્વારા પ્રમાણિત (attested) કરેલી નીચેના દસ્તાવેજોની, અસલ દસ્તાવેજો અને તેની ફોટો કોપી (ઝેરોક્ષ નકલ) ચકાસણી માટે રજૂ કરવાની રહેશે.

1. ઉચ્ચતર માધ્યમિક શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર.(L.C)

   માન્ય યુનિવર્સિટીનું (પ્રવર્તમાન UGC માન્ય યુનિવર્સિટી યાદી મુજબ)
2. સ્નાતક અને અનુસ્નાતક પરીક્ષા (Post Graduate)નું ગુણપત્રક/પદવી પ્રમાણપત્ર.
3. જાતિનું પ્રમાણપત્ર. (SC, ST અને SEBC)
4. સરકારની માન્યતા પ્રાપ્ત શાળાનું સક્ષમઅધિકારીનું પ્રતિહસ્તાક્ષર ઓછામાં ઓછા બે વર્ષના અને હાલમાં સેવારત શિક્ષક તરીકેનો અનુભવ અસલ પ્રમાણપત્ર અને નિમણૂકપત્ર (પ્રમાણિત ઝેરોક્ષ નકલ) (Appointment letter)
5. કેન્દ્ર સરકાર અથવા  રાજય સરકાર કે સંઘ પ્રદેશની સરકાર દ્વારા શાળાને પ્રાપ્ત થયેલી માન્યતાના પ્રમાણપત્ર (Recognition Certificare)ની પ્રમાણિત ઝેરોક્ષ નકલ.
6. પ્રવેશ સમયે પાસપોર્ટ સાઈઝનો ફોટોગ્રાફ સાથે લાવવો ફરજિયાત છે. ફોટોગ્રાફસ પાછળ ફોર્મનંબર, નામ અને સેન્ટર કોડ લખીને જમા કરાવવો.
7. NCTE માન્ય અભ્યાસક્રમનું પ્રમાણપત્ર
8. આધારકાર્ડની ઝેરોક્ષ નકલ

# પત્રવ્યવહારનું સરનામું

આપનું સરનામું અને મોબાઈલ નંબર સંપૂર્ણ રીતે સાચું ભરેલું હોવું જોઈએ. યુનિવર્સિટી આપે આપેલા સરનામા/ઈ-મેઈલ પર પત્રવ્યવહાર કરશે અથવા ફોન દ્વારા જાણ કરવામાં આવશે. આપનાં સરનામામાં જો કોઈ ફેરફાર થયો હોય તો તે અંગે યુનિવર્સિટીને દિન 90 માં જાણ કરવાની રહેશે.

## 8. બી.એડ્.અભ્યાસકેન્દ્રો

| ક્રમ | અભ્યાસ કેન્દ્ર કોડ નં. | અભ્યાસ કેન્દ્રનું નામ / સરનામું | કો-ઓર્ડિનેટરનું નામ | ઈ-મેઈલ એડ્રેસ | ફોન નંબર |
|---|---|---|---|---|---|
| 1. | અમદાવાદ<br>0780101 | શ્રીમતી એમ.એન. કે.દલાલ એજ્યુકેશન કૉલેજ ફોર વિમેન,વી.એસ.હોસ્પિટલ પાછળ, કોંગ્રેસ ભવનની બાજુમાં, એલિસબ્રિજ, અમદાવાદ- 380006 | ડૉ. રોહિણીબેન ઉપાધ્યાય | (1) baou.0780101@baou.edu.in<br>(2) dalaledu@yahoo.co.in | (O) 079-26576059 |
| 2. | અમદાવાદ<br>0780102 | શ્રી પ્રકાશ કૉલેજ ઑફ એજ્યુકેશન, ગુલાબ ટાવર, રુદ્રવન સોસાયટી સામે, કેમ્બે હોટલની પાછળ, થલતેજ, અમદાવાદ- 380054 | ડૉ. રાકેશભાઈ પટેલ (ઇ.ચા. પ્રિન્સિપાલ) | (1) baou.0780102@baou.edu.in<br>(2) drrr46@gmail.com | (O) (079) 27435195 |
| 3. | અમદાવાદ<br>0780103 | એ. જી. ટીચર્સ કૉલેજ કોમર્સ છ રસ્તા પાસે, ગુજરાત યુનિવર્સિટી નવરંગપુરા, અમદાવાદ - 380009 | ડૉ. સી. પી. પટેલ | (1) baou.0780103@baou.edu.in<br>(2) agteachers1952@gmail.com | (O) (079) 26442451 |
| 4. | મુંદ્રા<br>0780301 | એસ.ડી. શેઠીઆ કૉલેજ ઑફ એજ્યુકેશન અંજાર રોડ, કુદરતી ઉપચાર કેન્દ્રની સામે, મુંદ્રા (કચ્છ)- 370421 | ડૉ. લાલજી વેરશી ફફલ | (1) baou.0780301@baou.edu.in<br>(2) sdsbed54@gmail.com | (O) (02838) 222156 |
